# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૭/ક્વા-૨/૨૧-૨૨/૫૬૬૫-૩ તા.૨૯.૦૯.૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG- ૨૭/ક્વા-૨/૨૧-૨૨**

અરજદાર : રતિલાલ ડાયાલાલ રૂપાપરા ગામ: રાજકોટ
પેટા વિભાગીય કચેરી : વાવડી
રજૂઆત કરનાર : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે કિશન સી. ભુવા અને અંકુર આર. રૂપાપરા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર : કાર્યપાલક ઈજનેર શ્રી એમ.આર.માંકડિયા અને નાયબ ઈજનેર- ટેક શ્રી એસ.જી.સોજીત્રા પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૪-૦૯-૨૧ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૪-૦૯-૨૧ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ દ્વારા વાવડી પેટાવિભાગીય કચેરી ખાતે ગ્રાહક નં. ૩૪૫૧૪/૦૩૦૪૩/૦ માં **SR No.** ૧૩૭૩૫૨૭૩ થી નામ બદલી અને લોડ વધારાની અરજી કરેલ હતી. સદર વીજજોડાણ હાલ મયુરભાઈ મોહનભાઈ પાંભરના નામે છે. સદર બાબતે જુના ગ્રાહકનું “ના વાંધા પ્રમાણપત્ર” પણ સામેલ રાખવામાં આવેલ છે. સદર અરજી બાબતે વાવડી પેટાવિભાગીય કચેરીના જુનીયર ઈજનેર શ્રી કે.બી.પટેલ દ્વારા ‘A-૧ ફોર્મ માં જુના ગ્રાહકની સહી ફરજીયાત છે’ એવું કહેવામાં આવેલ. પરતું સદર અરજી ફોર્મ માં એવું

કયાંય લખાયેલ નથી કે જુના ગ્રાહકની સહી ફરજીયાત છે પરંતુ અરજી ફોર્મ ના પેજ નં-૫ માં નોંધ નં.-૪ માં એવું લખાયેલ છે કે 'હયાત' ગ્રાહકનું "ના વાંધા પ્રમાણપત્ર" જો હોય / શક્ય હોય તો આપવું'.

૨.૧ સદર બાબતે અરજદારના પ્રતિનિધિ દ્વારા શ્રી કે.બી.પટેલ સાહેબને તા.૨૬.૦૭.૨૦૨૧ ના રોજ રજૂઆત કરેલ કે આજે રકમ ભરવાનો છેલ્લો દિવસ હોય રકમ સ્વીકારવા વિનંતી કરેલ. તેમજ રકમ ભરપાઈ થયા બાદ હયાત ગ્રાહકને રૂબરૂ બોલાવી તમે કહેશો ત્યાં સહી કરાવી આપીશું છતાં પણ તેઓ દ્વારા ના પાડવામાં આવી જેથી અરજદાર દ્વારા કવોટેશનનો સમયગાળો વધારી આપવા વિનંતી કરવામાં આવી છતાં તેઓ દ્વારા ના પાડવા માં આવી અને "તમારી અરજી રદ થાય તે અમારે ના જોવાનું હોય" તેવો ઉડાવ અને બેજવાબદાર જવાબ આપવામાં આવ્યો. આમ સદર બાબતે અરજદારની રજીસ્ટ્રેશન ચાર્જ રૂ.૮૦૦/- તેમજ નિયમ મુજબ ભરપાઈ કરેલ **GST** ની રકમની નુકશાની સાથે સાથે સમય પણ બરબાદ થયો હોય સદર બાબતે યોગ્ય કરવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદારશ્રીની નામબદલી અને વીજભાર વધારાની અરજીના અનુસંધાને સદર કેઈસની ફાઈલ વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા ઓડીટ માટે સબંધક વિભાગીય કચેરીમાં આઉટવર્ડ નંબર **DE/VUSD/TECH/REV/EST/**3656 તારીખ:૦૭.૦૪.૨૦૨૧ ના રોજ મોકલવામાં આવેલ. જેની મંજુરી સબંધક વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર **-RCD-3/NT/REV/ 2327** તારીખ-૦૩.૦૫.૨૦૨૧ થી આપેલ મંજુરી મુજબ - મૂળ ગ્રાહકની સહી **A-1** ફોર્મમાં સહી લેવાની શરતે મંજુરી આપેલ.

૩.૧ જેથી સદર ગ્રાહકને વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા તારીખ-૧૩.૦૫.૨૦૨૧ થી નોટીસ આપવામાં આવેલ. પરંતુ સદર ગ્રાહકનુ નામબદલી અને વીજભાર વધારાની આગળની કાર્યવાહી ન અટકે તેવા હેતુ થી સદર ગ્રાહકને નામ ટ્રાન્સફર અને લોડ વધારાની અરજીનું અંદાજપત્ર તારીખ-૨૮.૦૬.૨૦૨૧ થી વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ. જેમાં પણ તારીખ-૧૩.૦૫.૨૦૨૧ ના રોજ આપેલ નોટીસનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને સદર અંદાજપત્ર ભરપાઈ કરવા માટે ગ્રાહકની છેલ્લી તારીખ-૨૬.૦૭.૨૦૨૧ હતી.

૩.૨ અરજદાર અંદાજપત્રની સમયમર્યાદામાં ભાવપત્રકની રકમ ભરેલ નથી તેમજ સમયમર્યાદા વધારવા બાબતની અરજી વાવડી પેટા વિભાગીય કચેરીને આપેલ નથી. વધુમાં અરજદાર દ્વારા સદર બાબતે મૌખિક રજૂઆત પણ આપેલ નથી.

૩.૩ અરજદારની સદર ફરિયાદનું પી.જી.વી.સી.એલ. કક્ષાએથી સંતોષકારક નિરાકરણ થતા અરજદારે સમાધાનપત્ર તા.૨૭-૦૯-૨૧ માં સહી કરી આપેલ છે તેમજ તેઓને હવે કોઈ ફરિયાદ રહેતી નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજુઆત મુજબ તેઓના વીજજોડાણ ગ્રાહક નં. ૩૪૫૧૪/૦૩૦૪૩/૦ માં **SR No.** ૧૩૭૩૫૨૭૩ થી નામબદલી અને લોડવધારાની અરજી કરેલ હતી. સદર વીજજોડાણ હાલ મયુરભાઈ મોહનભાઈ પાંભરના નામે છે સદર બાબતે અરજદાર દ્વારા જુના ગ્રાહકનું "ના વાંધા પ્રમાણપત્ર" પણ સામેલ રાખવામાં આવેલ છે. પરંતુ અરજી ફોર્મમાં જુના ગ્રાહકની સહી ફરજીયાત છે' એવું કહેવામાં આવેલ. પરતું સદર અરજી ફોર્મમાં એવું કયાંય લખાયેલ નથી કે જુના ગ્રાહકની સહી ફરજીયાત છે પરંતુ અરજી ફોર્મ ના પેજ નં-૫ માં નોંધ નં.-૪ માં

એવું લખાયેલ છે કે 'હયાત' ગ્રાહકનું "ના વાંધા પ્રમાણપત્ર" જો હોય / શક્ય હોય તો આપવું'. સદર બાબતે અરજદારના પ્રતિનિધિ દ્વારા તા.૨૬.૦૭.૨૦૨૧ ના રોજ રજૂઆત કરેલ કે આજે રકમ ભરવાનો છેલ્લો દિવસ હોય રકમ સ્વીકારવા અને ત્યારબાદ હયાત ગ્રાહકને રૂબરૂ બોલાવી સહી કરાવી આપીશું. જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા અરજદારે ભરપાઈ કરેલ રજીસ્ટ્રેશન ચાર્જ રૂ.૮૦૦/- અને નિયમ મુજબ ભરપાઈ કરેલ **GST** ની રકમની નુકશાની સાથે સમય પણ બરબાદ થયો હોય સદર બાબતે યોગ્ય ન્યાય આપવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારની મૌખિક રજૂઆત મુજબ પી.જી.વી.સી.એલ. દ્વારા અરજી રદ કરાયેલ હોવાથી નવી અરજી નિયમાધીન કરાયેલ છે જેની કાર્યવાહી સત્વરે કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકારની રજૂઆત મુજબ અરજદારશ્રીની નામબદલી અને વીજભાર વધારાની અરજીના અનુસંધાને સદર કેઈસની દરખાસ્ત મંજુરી માટે સબંધક વિભાગીય કચેરીમાં તારીખ:૦૭.૦૪.૨૦૨૧ ના રોજ મોકલવામાં આવેલ. જેની મંજુરી સબંધક વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર-2327 તારીખ-૦૩.૦૫.૨૦૨૧ થી મળેલ તે મુજબ- **A-1** ફોર્મમાં મૂળ ગ્રાહકની સહી લેવાની શરતે મંજુરી અપાયેલ હોય જેની જાણકારી અરજદારને લેખિતમાં કરવા છતાં અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ ન હોવાથી અરજદારની અરજી રદ કરાયેલ છે.

૪.૩ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારને વિગતવાર માહિતી આપતા તેમજ અરજદારની નામબદલી અન્વયેની અરજીના અનુસંધાને ભાવપત્રક તારીખ:૨૭.૦૯.૨૦૨૧ થી આપવામાં આવેલ હોય જેથી અરજદારની સદર ફરિયાદનું પી.જી.વી.સી.એલ. કક્ષાએથી નિરાકરણ થતા અરજદારે સમાધાનપત્ર તા.૨૭-૦૯-૨૦૨૧માં સહી કરી આપેલ છે, તે મુજબ અરજદારને કોઈ ફરિયાદ રહેથી નથી.

૪.૪ આમ,ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબ ની વિગતે અત્રેના ફોરમે કંઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |